સામાજિક નવલકથા સીરિઝ ૪ થી.

ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, કહો કેમ કરીએ ગપ્પીજી,
બાર હાથનું ચીભડું ને, તેર હાથનું બી.
નામ થકી છીએ કુલક્ષણજી, ભોળા છીએ કામે;
તાડી પી ગોળાઓ છીએ, ગોપી છીએ શ્યામે.

(ગુજરાતી કહેવત.)

ડૉક્ટર ધનચક્કર.

પ્રયોજક અને પ્રકાશક
ગોર અંબાલાલ છગનલાલ જ્હેરા.
શીકા. (સ્ટેટ-ઇડર-મહીકાંઠા.)

વિક્રમાબ્દ ૧૯૭૮. પ્રત ૧૦૦૦. ખ્રિસ્તાબ્દ ૧૯૨૨.

કિંમત } ગ્રાહકો માટે ત્રણ આના.
છુટક નકલના ચાર આના.

પ્રસ્તાવના.

ડોક્ટર ઘનચક્કરની બુક વાંચતાં પહેલાં, તમો તમારી ખુરસી પર ટાઈટ બેસજો, ચશમા ચડાવવાની જરૂરજ નથી. ખુલ્લી રીતે વાંચી શકાશે. આ લખાણ ન્હાનાં બચ્ચાંઓને પણ સમજણ પડી શકે એવું લખવામાં આવ્યું છે. ઘણીવાર અને ઘણાં પુસ્તકોમાં હું બ્હેરો છું એમ છપાવ્યું છે. તોપણ આપને મારો પરિચય ન હોય તો ક્ષમા કરશો. ચંદ્રકાન્ત, સરસ્વતિચંદ્ર અને વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયારનાં પુસ્તકોમાંની સરળ ભાષા અહિં પણ લખવામાં આવી છે. રાવબહાદુર રમણભાઇ મહીપતરામનું "હાસ્ય મંદીર" પણ વાંચવા લાયક અને ઉત્તમ છે. એજ સાક્ષરોની ભાષાનું હું અનુકરણ કરૂં છું. પોયેટ ઉર્ફે રાવ કવી મી. અંબાલાલ) નાં કાવ્યો પણ વાંચક વર્ગને ઠીક ઠીક મજા પડે તેવાં છે. અમારા ડોક્ટર–મહેરબાન–ઘનચક્કરસાહેબનું આ રમુજી પુસ્તક પણ આપને પસંદ પડશેજ.

જુના–સાહિત્યનાં "ગજરામારૂ અને ગુલબંકાવળી "ની વાર્તાઓ વાંચવા કરતાં નવા લેખો, નવી ચમત્કૃતિયો અને નવાં બોધદાયક પુસ્તકો વાંચવાથી જ્ઞાનશક્તિમાં ઓર વધારો થાય છે. તમો નાટકશાળા કે ઓપેરા હાઉસોમાં રૂપીયા બે રૂપીયાની સીટમાં મજાહ ગોઝતે હો; એ કરતાં તો ત્રણ ચાર આનાની આ બુક ખરીદવામાં તમને ગ્રંથભંડારમાં ઓર વધારો થશે. તેમજ બ્હેરા લેખકને ઉત્તેજન અર્થે આભારી કર્યો એમ સમજીશ.

આ વાર્તા—નથી હિંદીનો અનુવાદ કે નથી કોઇ બીજા પુસ્તકનો સારાંશ તે ફક્ત મ્હારી શકિતથીજ લખવામાં આવી છે.

લેખક.

ડૉક્ટર ધનચક્કર બાટલીદાસ

અલલટપ્પુનું

(ટુંક જીવનચરિત્ર.)

પ્રકરણ ૧ લું.

વર્તમાન પત્રમાં જાહેર ખબર.

જો આ વાત મારી નથી. મારી પાડોશમાં રહેતા ધનચક્કરની છે. હું રમૂજનેજ પસંદ કરૂં છું. રમૂજ, એ એક જ્ઞાન સરીતામાં વ્હેતો આનંદી ઝરો છે. જ્ઞાનને વધારનારી એ એક શક્તિ છે. ત્હેમાં જો ચ્હેરામાં રમૂજ હોય તો તે એક ઇશ્વરી બક્ષીસ જ છે.

ધનચક્કરના પિતાનો વિચાર માત્ર ત્હેને ઉંચી કેળવણી આપી સાહેબો જોડે વાતચીત કરી શકે, એમ કરવાનો હતો. ધનચક્કર મેટ્રીક ક્લાસમાં હતો એટલામાં તો પિતા દેવશરણ થઇ ગયા. "દેવની વાત અદૃશ્ય છે" માણસ ધારે છે શું અને ઇશ્વર કરે છે શું ?

ધનચક્કર સંબંધી પણ ત્હેવું જ બન્યું. પિતાના અવસાન પછી તો ઘરનો ઉત્તરાધીકારી માત્ર ધનચક્કર જ હતો. ઇશ્વરે ત્હેનામાં પહેલાં ગુણ મૂકી અને પછી ધનચક્કર નામ પાડવું. એમ સંકલ્પના કરી હતી. પિતાના અવસાન પછી જે કાંઇ મિલ્કત હતી

ત્હેનો ભોક્તા ધનચક્કર જ હતો. ઘરમાં કોઇથી “ ચૂં કે ચાં ” બોલી શકાયજ નહિ. કારણ એ જાતનો એનામાં એક (મેટ્રીક) પાવર જ હતો. લંડન રહસ્ય તો એણે ઘણીવાર વાંચેલું. એનાં દરેકે દરેક પાના આઠ આઠવાર ઉથલાવી નાંખેલાં, હું અંગ્રેજી જાણું છું પણ ઉદ્ધત વર્ત્તન મને પસંદ નથી. વર્ત્તન પસંદ હોય તો તે માત્ર ધન-ધનચક્કરને જ હતું. તે ઘણાં એક વર્ત્તમાન પત્રો વિલાયતમાંથી મંગાવતો એ વાંચીને એનાં કેટલાંક જુનાં સડેલાં પાનાં મારા ઘર આગળ ફેંકી દેતો. એ પછી તે છાપાં મારા વાંચવામા આવતાં. જેમાંની જાહેર ખબરોને જ હું પસંદ કરતો. અંગ્રેજી વર્ત્તમાન પત્રોમાં કેટલીક વેપાર સંબંધની કેટલીક મોહ માયાની તો કેટલીક માનસીક વૃત્તિઓને ખરાબ કરે. એવી જાહેર ખબરો ઘણી હોય છે. આપ અંગ્રેજી જાણતા હોવ અને વાંચી હોય તો તે અનુભવ સિદ્ધ છે. એમ સમજી એ સંબંધી વધારે કહેવું ઉચિત નથી.

પ્રકરણ ૨ જું.

મીસ ડાર્લીંગ.

મીસ ડાર્લીંગ સંબંધી મેં એક વર્તમાન પત્રમાં વાંચ્યું હતું તે ફકત ધનચક્કરનું નાખી દીધેલું વર્તમાનપત્ર મારી સ્ત્રી મારા ઘરમાં લાવી હતી. એક ચિતે મેં તે છાપુ વાંચ્યું કે અંગ્રેજી પરિસ્થિતીના યોગે મારૂ મન ચંચળ થયું. જાહેર ખબર વાંચ્યા પછી તો તે વિશેષ દ્રઢ થયું. અને ડાર્લીંગની હકીકત મારા મગજમાં ઠસી ગઇ. અંતર જુદા જ પ્રકારનું થઇ ગયું. અને એ જાહેર ખબર હું ઘડી

ઘડી વાંચતો એ નામમાંજ એક ખૂબી છે. તો એ મોહિનીમાંજ મારૂ મન વ્યતિ વ્યસ્ત છે. એટલામાં જ ધનંચક્કર મ્હારે ઘેર આવ્યો.

ધનચક્કર મ્હારા ઘરમાં આવે એ સ્ત્રીને પસંદ નહોતું કારણ ધનચક્કર ઉદ્ધત છે. એમ મારી સ્ત્રી સમજતી હતી. મેં એને કાંઇ કહ્યું નહિ. એટલામાં જ ઘનચક્કર મ્હારી સામે ખુરશીપર આઢેલીને બેઠો. મેં પુછ્યું—

ઘનચક્કર ? આ વર્તમાન પત્ર કયાથી આવે છે આમાં ડાર્લીંગની જાહેર ખબર છે. એ ડાર્લીંગ કોણ કોણ હશે ? હું પુછું છું એટલામાં તો ઝડપથી મારી સ્ત્રી સાંભળે એમ પાંચ સાત જવાબ ઘનચક્કરે દઇ દીધા " શું નથી જાણતા ? "

ડાર્લીંગ એ એક મોહક પરીજાન છે. એ નાચવા વાળી છે. નાટકની એકટ્રેસ છે. ઘણા લોકો એને ત્યાં જાય છે. ભલભલાઓને એની ખુશામદ પસંદ છે બસ શું કહેવડાવો છો ? છેવટે મારા કાનમાં પણ કંઇક ધીમે ધીમે ધનચક્કરે કહ્યું જે મારી સ્ત્રી એક કોરે કાન માંઠીને સાંભળતી હતી. કારણ તે બડી ચાલાક અને ચબરાક હતી એટલામાંજ બહારથી અવાજ સાંભળ્યો ધનચક્કર ? ધનચક્કર ?

ઓજી ? આવ્યોજી ? એમ કહેતાં તે ઉઠયો. કારણ ધનચક્કરની માતા એને બોલાવતી હતી. હું પણ એની સાથે ગયો, મારે ડાર્લીંગ સંબંધીની વિશેષ હકીકત મેળવવાની હતી.

અમો ગયા, કે માતાએ કહ્યું:—બેટા ? ઘરનો સર્વ કારભાર ત્હારા ઉપરજ છે. ત્હારા પિતા ત્હને બાલ્યાવસ્થામાંજ મૂકી ગુજરી ગયા તો પણ હવે તું પાકટ બુદ્ધિનો છે, ત્હારે હમણાંજ કોઇ ધંધા-રોજગારમાં જોડાઇ મારૂ અને આ મારી પુત્ર વધુ (ધનચક્કરની સ્ત્રી) નું પોષણ કરવું જોઇએ.

એ પછી ધનચક્કરે વિનીત ભાવે કહ્યુંઃ–માતા ? હું કયાં ના કહું છું. હું મેટ્રીક થયેલ છું. સર્વ સિદ્ધાંતોનો હું આદરણીય છું, આપની કૃપા પ્રસાદીનો હુ સેવક છુ તમો જાણો છો કે; મારો અ-ભ્યાસ હજુ કાચો છે " ન્યુ અંડર ગ્રેડયુએટ " મુજબ તો તે અહીં બની શકે એમ નથી જો તમો કહો તો વિલાયત જાઉં ત્યાં ગયા પછી તો અભ્યાસની કાંઇ જરૂર રહેતી નથી મોટમોટા સાહેબોની રીત ભાતમાં આવીશ, એટલે ન છૂટકે તેઓની ડીગ્રી આપવી પડશે તમારો વિચાર મને જણાવવો જોઇએ નહી તો મારો મગજ હમણા બહુજ ગરમ છે એમ કહેતાં ધનચક્કરે રામાને હાંક મારી–રામા ? હે રામા ? જી શેઠજી કાય ? કસે બોલાવ લે સાલા હરામખોર ચાહા લાવ ચીરૂટનું બાકસ લાવ ! અને આ તકીયો બરાબર સાફ કરી દે–દાસી ચંદ્રી કોઠે ગેલી ? !–એમ કહેતાં ધનચક્કરે મનનો આંતરીક ગુસ્સો ઘરનાં બધાં માણસો ઉપર જાહેર કર્યો.

બિચારી હેની માતા એકલી–ભોળી, અને સાદા વિચારની હતી. તેમજ ધનચક્કરનો બદલાયલો ગુસ્સાદાર ચહેરો જોઇ તેમજ હેનો કડક બંધ જવાબ સાંભળી ગભરાઇ ગઇ. અને હેને વિલાયત જવાની આજ્ઞા આપી દીધી.

મેં પૂછ્યુંઃ—ધનચક્કર ? આ હારો શો નવો સાહસ ? આપણા વડીલો દરીયાના ખારા પાણીને અશુદ્ધ સમજી દુરથીજ ત્યાગ કરતા જો કોઇ વિલાયતનું નામ લે, તો તેને જ્ઞાતિ બહાર મૂકતા. અને તેં તો ઠેઠ વિલાયતનો જ સાહસ ખેડયો તેં ન્યાત જાતનો કાંઇ વિચાર કર્યો ? હારા પિતા કે જે જ્ઞાતિના અગ્રેસર હતા ને તેઓ ચામડાનો જોડા પહેરતા અપવીત્ર થતા અને ઘણાઓને સિગારેટ પાતાં દંડ કરેલો, ને જે કોઇ સાહેબની જોડે વાતચીત કરતો તો હેને જ્ઞાતિ

બહાર મૂકતા, અને એવા સાચા પિતાનો પુત્ર તું વિલાયત જાય એને માંસની ટોપલીમાંનો આટો ખરીદી તું બીસ્કુટ કરીને ખાય એ શું ત્હને જ્ઞાતિવાળા જ્ઞાતિ બહાર નહી મૂકે ? આ સાહસ તું છોડી દે.

ધનચક્કરે બે અક્ષરમાં કહ્યું: "—સાલા કોણ લોક ?

ધનચક્કરનું ઉદ્ધત વર્તન અને મ્હારી હકીકત સાંભળતાંજ ધનચક્કરની માતા ગભરાઇ ગઇ અને સ્ત્રી એક ખુણે બેસી ડુસકે ડુસકે રોવા લાગી તો પણ ધનચક્કરે બને તેટલી ખૂબીથી "**લંડન-રહસ્ય**" માનું એક પિકચર મને બતાવ્યું—તે પિકચર જરા બિભત્વ અવસ્થામાં ચિત્રેલું હતું.

મેં પૂછ્યું:—ધનચક્કર ? આ કોણ ?

ત્હેણે કહ્યું:—ભાઇ શું ત્હમને ખબર નથી ? તે આપણી ચિત્ત પરિચિત વ્યકિત ડાર્લીંગ છે.

પ્રકરણ ૩ જું.

કવિતા કઈ સરસ ?

ડાર્લીંગ ? એમ કહેતાં જ મને પણ મોહ ઉત્પન્ન થયો. મનુષ્યના વર્તનમાં અને તેના સીધા સાદા સ્વભાવમાં આડે આવનાર માત્ર મનની ખરાબ વાસનાઓ અને મોહ સિવાય બીજું કંઇ જ નથી. મારૂ મત વિલાયત જોવાને અને નવનવી હકીકતો શિખવાને અને છેવટે ડાર્લીંગના દીલોજાન સખુનો સાંભળવાને પ્રેરાયું અને તે પ્રેરણા સાચી જ હતી. મેં ધનચક્કરની માતાને

"લંડન રહસ્ય" માંનો એક પેરેગ્રાફ વાંચી બતાવ્યો. તેમાં એમ લખેલું હતું જે:—

"લંડન જેવું વૈભવશાળી શહેર દુનિયાના બીજા કોઇ પણ ભાગમાં નથી. ત્યાં ગયેલો ગધેડો પણ કેળવાતાં માણસ બની જાય છે, વાંદરાઓ રેલગાડી ચલવે છે. કુતરાઓ તોપ ફોડે છે. ચકલીયો આકાશ માર્ગે ટપાલ પહોંચાડે છે. દુનિયાને છેડે સુધરેલામાંનો એક દેશ તે વિલાયત જ છે. જો માણસ ત્યાં જાય તો દેવ થઇને આકાશ માર્ગેથી આ ભારતવર્ષમાં ઉતરી પડે વિગેરે વિગેરે."

મેં એટલું વાંચ્યું કે માતાએ ગભરાયલો ચ્હેરો બદલી નાખ્યો અને આનંદી હૃદયથી તેને વિલાયત જવાની આજ્ઞા આપી દીધી. ઘનચક્કરની સ્ત્રી જે એક બાજુએ ડસકાં લેતી હતી. તે હસતી હસતી પોતાના ગૃહ કાર્યમાં ચપળતા બતાવવા લાગી. ને હું ડાર્લીંગ સંબંધીના વિચાર કરતો મારે ઘેર ગયો જેમાં મારે પણ વિલાયત જવું, એમ નવો વિચાર સ્ફુર્યો હતો.

મારી ગૃહણી પ્રેમાળ અને આનંદી હૃદયની હતી. તેણીએ કહ્યું. તમો ક્યાં ગયા હતા? અને કેમ ઉદાસમાં છો?

મેં કહ્યું:—હું ઘનચક્કરને ત્યાં ગયો હતો અને મારા એક મીત્રને મળવા સ્ટેશન ઉપર ચક્કર મારી આવ્યો કારણ તેઓ આજની ટ્રેનમાં વિલાયત ગયા.

સ્ત્રીએ પૂછ્યું:—તમારા મીત્રનું નામ શું?

મારા મીત્રનું નામ ખુરશીપ્રસાદ ટેબલશંકર વકીલ, બી. એ. એલએલ. બી. એલ. એમ. એન્ડ એસ. ડી. એફ. એકસ ઑારીશીઓ, ફેર એટલો છે "મે તડાક દઇ ડીગ્રી સામે જવાબ આપ્યો."

“અરે આટલી બધી ડીગ્રી હોય ? “ સ્ત્રીએ અજાણતા કહ્યું.”

હા–હા કેમ નહિ ! જ્યાં જે ભાષાનું માન છે. ત્યાં તે ભાષા સાંભળવાને, શિખવાને “ લોકો તડામાર ઉદ્યોગ કરી રહ્યા છે. તે તો તું સમજે છે ?”

ઠીક પણુ તમો અંગ્રેજી ભણ્યા છો. પણ આટલી ડીગ્રી ક્યાંઇ મેળવી હોય તો સારૂ.

મેં કહ્યું:—“ મારે ડીગ્રીનું શું કામ છે ? એ ઉપાધી મને જોઇતી નથી. જ્યાં મારી કલમને, મારી સ્વભાષાને માન છે. ત્યાં આનંદ અને ડીગ્રી એક સરખાં છે.

ઠીકઠીક અંગ્રેજીમાં પેલું “ હોરેસિયસ ” કહેવાય છે, તે કવિતા ભણ્યા છો.

હા; હઝુર કહો તો જનાબ હું ગાઇ બતાવું ! “ મેં ખુશી થતાં એને કહ્યું. ”

એ ખુશી થઇ ગઇ અને મેં હોરેશિયસમાંનું સંગીત શરૂ કર્યું:–

લાર્જ પોર્સીના ઑફ કલુઝીયમ,
બાય ધી નાઇન ગોડ્સ હી સ્વૉઅર ?

“ એમ કહેતાં દૂર પડેલી સારંગી હાથમાં લઇ. એવા તો સુર આલાપથી ગાયન શરૂ કર્યું કે “ ડર્લીંગની મોહ માયાને હું તદન ભૂલી ગયો. ધનચક્કરને પાડોશમાંથી સંગીત સાંભળવા બોલાવ્યો. તે બુટ ચ્હડાવી સીગરેટના ગોટે ગોટ કાઢતો મારા સ્હામે ખુરશીપર આવી અઠેલીને બેઠો.

ધનચક્કર જેમ જેમ ગાયન સાંભળતો ગયો તેમ તેમ વન્સ- મોર, વન્સમોર, કહેતાં તાલીયોપર તાલીયો ઠોકતો ગયો.

"બન્સિવાલા આજો હમારે દેશ;" એ ગાયન પુરૂ થયું કે સ્ત્રીએ પૂછ્યું, તમારૂં અંગ્રેજી ગાયન સારૂં કે જુનું ગુજરાતી ભજન સારૂ મેં કહ્યું:—ના—ના ત્હારો કંઠ સ્વર અને હિન્દી ગાયન બહુજ ઉત્તમ હતા.

સાંભળી, ધનચક્કરે મારા તરફ આંખનો ડોળો ફેરવ્યો, છુપી ચીઠ્ઠીમાં લખી બતાવ્યું. જે ભાઇ સ્ત્રીને આટલું બધું માન નહોય નહિ તો કાલે નાટક અને ઓપેરા હાઉસોમાં જવા રકઝક કરશે ને તમો હેરાન થશો છટ્ નાંન્સન્સ તદ્દન તમો બાયલા છો એમ કહેતાં ધનચક્કર ખીજાઇ ગયેલા સ્વભાવમાં ઘેર ચાલ્યો ગયો. આટલો આનંદ છતાં મારૂં મન વિલાયત જવા સંબંધી ઉદ્વેગયુક્ત થઇ ગયું. સ્ત્રીએ પ્રેમ કટાક્ષથી કહ્યું; તમો શા માટે ઉદાસમાં છો. તમને મારા સમ તમે ખાઇ લ્યો—ધનચક્કરભાઇએ તમને તે દિવસે કાનમાં ધીમેથી શું વાત કરી હતી? હું બધું સમજી ગઇ છું અને તે પ્રકાશમાં કહેવાય એમ નથી. એમનું ઉદ્ધત વર્તન મને પસંદ નથી એ માટે તો હું તમને એમના ઘેર જવાના કહું છું.

એ પછી હું જમવા બેઠો અને સ્ત્રિએ પૂછ્યું:—તમો ધનચક્કરના ઘરમાં પેલું ચોપડીમા શું વાંચતા હતા? એ બધું કમાડની ફાટમાં રહી હું જોતી હતી અને તેમાંનું મેં કંઇક સાંભળ્યું પણ છે, ડાર્લીંગ એ કોણ છે? વ્હાલા? હું તમને જવાને ના પાડું છું. એમ કહી મારી સ્ત્રિએ મને વિલાયત જવા સાફ સાફ ના પાડી દીધી. તો પણ:—

પ્રકરણ ૪ થું.

ડાર્લીંગ ઈઝ ગુડ ગર્લ.

વખત આગળ ચાલ્યો; અને આઠ દસ દિવસમાં તો સ્ત્રિનો પ્રેમ મેળવી ત્હેની સાથે વફાદારીનો સાચો કોલ આપીને મેં એની વિલાયત જવાની રજા માગી અને કહ્યું:—

પ્રીયે ! વિલાયત જઇને હું ત્હેનેજ યાદ કરીશ, તારા પ્રેમમાં હું આનંદ માનીશ. ધાર્મિક પુરૂષને સાચા પ્રેમની જરૂર છે. તેમને ત્હારા તરફથી પુર્ણ સંતોષ છે અને વિલાયતની અન્ય સ્ત્રિઓને હું બ્હેન શમાન ગણીશ ત્હારે નિશ્ચિંત રહેવું. મારા વર્ત્તનમાં કંઇક જાતનું દુષણ હોય તો તે ફક્ત ધનચક્કર મારો મિત્ર છે.

વાત ચાલે છે. એટલામાંજ ધનચક્કર મ્હારે ઘેર આવ્યો જેની બગલમાં પેલું "લંડન રહસ્ય" પુસ્તક હતું, અને તે ન્યુસપેપરનો ફકરો વાંચતો હતો. મેં એને આદર માનની સાથે તકીયા પર બેસવા કહ્યું. પણ તે ખુરશી પર જઇને બેઠો. મેં કહ્યું. ધનચક્કર ! આ સ્ત્રિ સ્હમજતી નથી. વિલાયત આવવા મારો વિચાર તો છે. પણ સ્ત્રિના વિચાર આગળ મારૂં દીલ એ સાહસમાં ઉતરતું નથી.

એ પછી ધનચક્કરે પોતાનો "ઓડીયંટ" બદલ્યો અને મારી સ્ત્રિ જોડે નિચે મુજબ વાતચિત કરવા લાગ્યો.

ત્હમો ઐરાં માત્ર ફુલીશ લોક છો. સ્ત્રિઓ આ દુનિયાની જડ

વસ્તુ છે. બાયલાપણું એ માત્ર સ્ત્રિયોમાંજ છે. વિલાયતની ભૂમી ઉપર અને આયર્લંડમાં ઘણી સર્ફ્રેજેટો થઇ ગઇ. ઘણી ધાંધલો મચાવી પણ એમના હક્કો એમને મળતા નથી એ ખરૂં છે. (મારી તરફ જોઇ) બાઇ, આ.........! શું વિલાયત સિવાય નવા ઓડીયંટમાં દાખલ થવાય છે ? આ દેશમાં બળ્યું છે શું ? " એમ કહી ત્હેણે લંડન સમાચારનો એક કકડો મારી સામે ખુરશી પર બેસી. ચીરૂટ પિતાં પિતાં વાંચવા માંડયો. " જેમાં એમ હતું જે;–

" મૂર્ખ લોક લંડનની વાતોમાં કાંઇ સ્હમજતા નથી; ભારત વર્ષની ગંગા નદી કરતાં ટેમ્સનો મહિમા મોટો છે. એ રંગ ભૂમી ઉપર ઘણા ફરેસ્તાઓ ઉત્પન્ન થયા. લાખો મનુષ્યો ઉપર ઉપકાર કર્યો. અને ઘણા માણસોને વાઢ કાપ કરીને જીવતા કર્યા. ઘણાં પુસ્તકો છપાવ્યાં અને કળા કૌશલ્યમાં ઘણોજ વધારો કર્યો. અન્ય દેશોની લક્ષ્મિ લંડનમાં વસેલી છે. વગેરે વગેરે. "

પછી ધનચક્કરે આગળ ચલાવ્યું; બાબી ? આ શું એણે ખોટું લખ્યું ? એમ કહી બે ત્રણ પાનાં ફેંદી એના કરતાં પણ બે ત્રણ સરસ ફકરાઓ વાંચી સંભળાવ્યા. પછી ઉપદેશ આપતા ધનચક્કર કહેવા લાગ્યો.

અમો વિલાયત ગયા પછી નવી ડીગ્રી મેળવી અત્રે કોઇ નવા જ બીઝનેસમાં જોડાઇશું. મારો વિચાર ફક્ત ડોકટરી લેવાનો છે. બાઇ આ.........નો વિચાર પંતુજી (મહેતાજી) ની લાઇનમાં જોડાવાનો છે. પણ તેમને કોઇક બીજી જ લાઇનમાં મૂકી દઇશું. " ધમ પોઝીબલ " તમો લોક કંઇ સ્હમજતાં નથી.

" લંડન સમાચાર " ના એક બે ફકરાઓના વાંચનથી સ્ત્રિયો

મને વિલાયત જવાથી રજા આપી દીધી. મેં તેમજ ધનચક્કરે વિલાયત જવું એમ નિશ્ચય કર્યો. (ખાનગીમાં) મારી પાસે નાણાંની સવડ નથી. એમ ધનચક્કરને મેં જણાવ્યું, તેણે તો મીત્ર ફરજ તરીકે મને ઉદાર દીલથી એમજ કહ્યું જે—

ભાઇ ! ત્હમને પૈસાની શું ચિંતા છ્યો, આ પાંચ હજારનો ચેંક તે તમારી સ્ત્રિને ખાનપાનનો બંદોબસ્ત કરી લેજે અને લંડનથી અહીં આવતાં સુધી ત્હમારૂં ખર્ચ ઠેઠ સુધી હું પુરૂં કરીશ. "ગુડ બાય ગુડ".

એમ કહી ધનચક્કર પોતાને ઘેર ગયો અને હું "રોઝબરી" નું પુસ્તક વાંચતો મારી ખુરશીમાં બેઠો હતો. એ ચોપડીના એક અડધા પેજ પર ન્હાની સરખી જાહેર ખબર હતી ત્હેનો સાર એવો હતો જેઃ—

Darlling is good girl, she is best dancing girl and new actress rich gentlemens are wanted her but the can not like unother etc–etc.

ડાર્લિંગ ઇઝ ગુડ ગર્લ શીઇઝ બેસ્ટ ડાન્સિંગ ગર્લ એન્ડ ન્યુ એકટ્રેસ રીચ જેન્ટલ મેન્સ આર વૉન્ટેડ હર બટ શીકેન નોટ લાઇક અન અધર. ભાવાર્થઃ—

"ડાર્લિંગ એક સરસ છોકરી છે. તે એક ઉંચી જાતનો નાચ–નાચવા વાળી નવી એકટ્રેસ છે. પૈસાદાર માણુસો એને ચ્હાય છે. પણ એ કોઇને ચ્હાતી નથી."

એ સહાઇદાર અને સુશોભીત પુસ્તક ઉપર સ્ત્રિની નજર પડતાંજ ત્હેણીએ તે મારા હાથમાંથી ઝુંટવી લીધું. મને પૂછ્યું–આનું

નામ શું ? મેં કહ્યું:–" એ રોઝમરીનું જીવન ચરિત્ર છે " એ પછી સ્ત્રિ પાનાં ઉઠલાવવા લાગી એમાં એક ચીત્ર હતું. તે જરા ફીટ ડ્રેસમાં અને બિભત્સ જણાય એવું હતું. સ્ત્રિનું મન પુરૂષ કરતાં ચંચળ હોય છે. તેણીએ તે ઓળખી લીધું અને મ્હને પૂછયું:– આ કોણ ?

મેં કહ્યું–એ એક એકટ્રેસ છે. લંડનમાં શ્રેષ્ટ ગણાતી ગાયન વાદનની હોંશીયાર બ્યુટી—**મીસ્સ ડાર્લીંગ**—છે.

ડાર્લીંગ એમ કહેતાંજ ત્હેણીએ તે પુસ્તક ફેંકી દીધું ઝડપ દઇ એક ખૂણે બેસી ડુસકે ડુસકે રોવા લાગી કેશ છુટા કરી મોં ફેરવી લીધું. મેં ત્હેને મ્હારી પ્રતિજ્ઞાઓ યાદ દેવડાવી, વિશેષમાં એને કાંઇક કાંઇક અલંકારો વડે સમજાવી પટાવી મારી તરફનો સાચો પ્રેમ જાહેર કર્યો, સ્ત્રિનું શંકાશીલ મન પાછું એના પ્રવર્ત્ત માર્ગોમાં દોરાયુ ને હું મ્હારા કામ માટે બહાર ચાલ્યો ગયો.

પ્રકરણ ૫ મું.

ત્રણ છબી.

ધનચક્કર, નવા જમાનાનો, સુધરેલ યુવાન હતો એને અંગ્રેજી રીતભાત પસંદ હતી. એની ભાવનાઓ યુકિલડના સિદ્ધાન્ત પ્રમાણે જ દોરાયલી હતી. કારણ એ અભ્યાસ એણે મેટ્રીકમાં કર્યો હતો, એનું મન ચંચળ હતું. વૃત્તિઓ ભિન્ન ભિન્ન પ્રકારની હતી. તરંગી હતો પણ જરા ઉદારતાએ નમાવી

દીધો હતો. કોઇપણ કામમાં એને સાહસજ પસંદ હતો કારણ વિલાયતનું પ્રયાણ એણે સાહસથી જ આરંભ્યું હતું. પુર્વજો ઉપર એનો પુરો તિરસ્કાર હતો પણ એના માસ્ટર મહાશયને એ ચહાતો હતો. અને મ્હારા તરફ તો એણે પોતાનો આત્મિય સ્નેહ જાહેર કર્યો હતો.

ધનચક્કરનું ઘર માત્ર ન્હાનું હતું. પણ પૈસો અઢળક હતો. એના ઘરના એક ભાગમાં ત્રણ છબીઓ લટકાવેલી હતી. તે તરફ એ ઘણુંજ વિચારોમાં લીન થઇ જતો. એક છબી વડીલ દાદાની હતી, તે જુની ઉધાઇ ચઢેલી અને કાચ કુટી ગયેલો એવી હાલતમાં હતી. બીજી છબી એના પિતાએ ચીતારા પાસે ચીતરાવી હતી અને ત્રીજો ફોટો ન્યુએડીટ મુજબ હમણાજ કોઇ હોંશિયાર આર્ટીસ્ટ પાસે પોતે તેમજ તેની સ્ત્રીએ પાસે બેસી પડાવી હતી તે છબી તરફ એ ઘડી ઘડી જોતો ખુશી થતો અને કોઇક વખત શંકાશીલ પણ થઇ જતો. એક વખત તે છબીયો વિષે પોતાના મનની વાત મને નિચે મુજબ કહેતો હતો.

ભાઇ ? જુઓ, આપણા પૂર્વજો તદ્દન "ઓડીયંટ" વગરના તદ્દન બીન સુધરેલા જુની ઢબના દાદાની છબી ઉપરથી એનુ સેન્ટીફિટ જણાઇ આવ્યું–તદ્દન દાદા આળસુ નહી તો આટલી બધી દાઢી કેમ ? શું હજામ લોકનું અસ્તિત્વ જ દુનિયા ઉપર ન્હોતું આ દાઢી મુસલમાન વહોરાજી શિવાય હિંદુ એન્ગ્લો ઇન્ડીયન અથવા ખ્રિસ્તિ કોઇ પણ રાખી શકે નહિ, ભાઇ ? એ વખતના આર્ટીસ્ટોના પણ સકાર જોયા ? એણે આ પિકચર કેવું ચિતર્યું છે તદ્દન ઢબ છબ વગરનું દાદાને આવો આર્ટીસ્ટ કોણ મળ્યો હશે ? જો એ મહાશય હાલ હોત તો હું એને લંડનનો "પ્રાઇઝ મેડલ"

અપાવત કેટલું "બેડ પિક્ચર !" એમ કહી ધનચક્કર હસી પડયો અને માત્ર જીજ્ઞાસાથી વિચાર કરતો એ છબી તરફ જોઇ રહ્યો–વળી ધનચક્કરે આગળ ચલવ્યું:—

ભાઈ! દાદાએ શરીરની પુરી માવજત રાખી નથી એમ એમના શરીર ઉપરથી જણાઈ આવ્યું. એ વખતના ડૉક્ટરો તદ્દન એબીયલ અને આડંબરા માણસો હોવા જોઇએ. અથવા તો ચિકિત્સકની સલાહ લેવી. એ દાદાની આળસાઇ જ નહિ તો બાજું શું ? કેટલું ખરાબ પિક્ચર ! તદ્દન "બોડી વિધાઉટ બ્લુડ" અર્થાત લોહી વગરનું સુકાઇ ગયેલુ હાડપીંજર છટ ડાક્ટરોએ એ વખતે દાદાને "મેલીન્સફુડ" આપવું જોઇએ. એમ કહી બીજી છબી તરફ દષ્ટિ ફેરવતાં, ધનચક્કરે આગળ ચલવ્યું."

આ બીજી છબી તે મારા પિતાજીની જ છે. પણ એમાં એ જુના આર્ટીસ્ટોની મોટી ખામી છે–બાપા કેટલા જુના વિચારના આ એમના જુના બુટ જોયા ? કાગડાની ચાંચ જેવી ઉપર તોટી જોઇ ! કેવું મોટું પાઘડું અરે ? એ બધું કેટલું ખરાબ ? કપાળમાં તિલક એક "ન્યુસેન્સ" સમાન જણાય છે, આ એક પૉઝીશનની ખાંમી નહિ તો બીજું શું. કેમ ભાઇ ? કેમ કંઇ બોલતા નથી ? આ બે છબીમાં ત્હમને કંઇ જણાયું ?

મે કહ્યું:—ધનચક્કર, જો એમાં દષ્ટિએ જોતાં આપણા હૃદયની ખરાબ વાસના એજ આપણી ભૂલ છે. દાદા જુના વિચારના હતા પણ તેઓ ધાર્મિક અને આસ્થાવાન હતા. તેમએ વખતની પશ્ચિમાત્ય, વિદ્યા માત્ર અંધારે ઝુપાવલી હતી, તે કરતાં ત્હારા પિતાની છબી સારી છે અને એ પછીની ત્હારી છબી ઘણીજ સરસ છે. તે એક દુનિયા પર સુધારાની નવી કળાની ખરી ખુબી જ છે,

ભાઇ ? ખરાબ વાસનાને રોકી શુદ્ધ વિચારોમાં રહેવાથી આત્મિયતા થઇ શકાય છે, ધનચકકર ? જો આ છબીઓને નવા આર્ટીસ્ટો પાસે ચીતરાવવી હશે તો તેમ પણ બની શકશે.

પણ:—હમણાં ફુરસદ ક્યાં છે ? " ધનચકકરે કહ્યું "—વિલાયતથી આવ્યા પછી " ન્યુએડીટ " મુજબ હું એ ફોટો તૈયાર કરાવીશ. પણ ત્હમોએ વિલાયત આવવા સંબંધી શો વિચાર કર્યો આપણે માર્સેલ્સ થઇને જઇશું કે પરબાર્યા લંડન ઉતરવું ? ટીકીટનો બંદોબસ્ત અગાઉથી કરી લઉં.

મેં કહ્યું આપણે તે મારોલ્સનું શું કામ છે ? પરબાર્યા લંડનજ ઉતરવું, પણ ભાઇ ધનચકકર ! ત્હેં ત્હારી સ્ત્રીની રજા મેળવી ?

એ પછી ધનચકકરે કડક મીજાજમાંજ કહ્યું:—હુ સ્ત્રિને માનતો નથી. એ ખરાબ જડ વસ્તુ છે એટલુંજ સમજી હું એનો દુરથી ત્યાગ કરૂં છું. મારા વિલાયતના પહેલાજ વિચારોમાં એ ડુસકાં લેતી હતી. એતો. ત્હમો જાણો છો. ભાઇ હું જ્યારે સ્વામિ દયાનંદનો શિષ્ય આર્ય સમાજીષ્ટ ત્યારે ત્હેની સ્ત્રી એક શુદ્ધ સનાતની. એ કેટલું ખરાબ ! હું મૂર્તિપૂજાને વખોડી કહાડુ અને એક " ટોયઝ " સમાન ગણું, ત્યારે એ નાની નાની મૂર્તિઓને ધુપદીપ નૈવેદ્ય ચ્હડાવીને સ્તોત્રો ગાય મારા વિચારોથી તે તદ્દન વિરૂદ્ધ જ હવે હું એને કેવી રીતે કહી શકું ? ટુંકામાં હુ એને કાંઇજ કહેવાનો નથી. આ મેલમાં તમારે પણ તૈયાર થવું જોઇએ હું ધારૂં છું આવતી કાલની ફાસ્ટમાં મુંબઇ એ પછી ત્યાં બેચાર દિવસ રહી. મીત્ર મંડળને લંચપાર્ટી આપી, આપણે આગળ રવાના થઇશું, એટલું કહી ધનચકકર પોતાને ઘેર ગયો ને હું એક વિચારમાં લીન થઇ ગયો હતો, એ વિચાર તે માત્ર મીસ ડાર્લીંગ સંબંધીના જ હતા.

પ્રકરણ ૬ ઠું.

રાઘવદાદા.

માનસીક વૃત્તિઓ પોતાનું કામ ઝડપથી બજાવ્યા જાય છે. એ વાત નિશ્ચય છે તેવીજ રીતે અમારો વિલાયત જવાનો વિચાર નિશ્ચય થયો, તે બાબતની તૈયારીઓ થવા માંડી, બે ત્રણ દિવસ અગાઉ મિત્રમંડળ તરફથી લંચ પાર્ટીઓ થવા માંડી. જે દિવસે અમારે જવાનું હતું તે દિવસ અગાઉ સરસામાન લગેજમાં રવાના કર્યો. અમારા શુભ શુકનનો વખત આવા પહોંચ્યો. હું ગરીબ છું. સાદો છું. નિખાલસ બુદ્ધિનો છું. એટલે મારા ઉપર મીત્રમંડળ સગાં સંબંધીઓનો પ્રેમ થોડોજ હોય તે સ્વાભાવિક નિયમજ છે. ધનચક્કરના ઠાઠ વૈભવ પ્રમાણે આશિર્વાદો આપવા કેટલાક ભીક્ષુક બ્રાહ્મણો બહાર ટોળું વળી બેઠા હતા તેની સ્ત્રીએ સૌભાગ્યનાં પુરાં ચિન્હો ધારણ કર્યાં હતાં. લલાટમાં સોભાગ્યની બીંદી પ્રકાશી રહી હતી. મહોલ્લાની કેટલીક સોભાગ્યવંતી સ્ત્રિઓ ધનચક્કરને આશીર્વાદ આપવા નવનવાં કપડાં પહેરીને આવી હતી, વૃદ્ધ ડોશીઓ લાકડીના ટેકાથી ઠબુકતી ઠબુકતી ધનચક્કરનાં ઓવારણાં લેતી હતી, કેટલાક વેદીઆ બ્રાહ્મણો બહાર બેશી આશિર્વાદના સ્તોત્રો ભણતા હતા. અને ધનચક્કર બુટ પાટલુનની તૈયારીઓ કરતો હતો. હું ઘરના માણસોને મળી ભેટીને ધનચક્કરને ત્યાં હાજર થયો. કે તેણે પુછ્યું. "હવે કેટલીકવાર ટાઇમ લેઇટ થયો." બ્રાહ્મણોને કહીએ કે તમારા સ્તોત્રો બંધ કરો. એમ કહેતાં તે પોતાના માસ્તર મહાશયને મળવાને આતુર હતો. એટલામાંજ માસ્તર સાહેબ આવ્યા,

કે ચપટી વગાડતાં અમને સ્ટેશન પર જવા સુચના કરી પુર્ણું વિધિ સહસગાં સંબંધીનો આશીર્વાદ મેળવતો ધનચકકર બહાર આવ્યો, વેદીઆ બ્રાહ્મણોને દક્ષિણા આપી સંતુષ્ટ કર્યા. કેટલાક ભીખારીઓની ભીડ મચી રહી હતી. તેમને પણ છુટે હાથે બે બે ચાર ચાર પૈસા આપ્યા. ભાડાની ગાડી આવી, ગાડીવાળાએ કહ્યું શેઠ ગાડી લાવું કે ? ધનચકકરે જવાબ વાળ્યો. " હા "

તમો વિલાયત જાઓ છો ? " ગાડીવાળાએ કહ્યું.

હા—હા—હરામખોર બકબકાટ મત કર, ધનચકકરે કહ્યું.

તો. શેઠજી સ્ટેશનના ત્રણ રૂપિયા પડશે. ધનચકકરે ખીસામાંથી પૈસા કહાડયા અમો ઝડપ દઇ ગાડીમા બેશી ગયા, ને ગાડી પુરપાટ અમદાવાદના સ્ટેશન પર આવી પહોંચી સ્ટેશન ઉપર મીત્ર મંડળ તરફથી સાદુ બૅન્ડ હાજર હતું. અમને ભુંભું સું...સું...ના અવાજે આશીર્વાદ આપ્યો. અમોએ ફર્સ્ટ ક્લાસની ટીકીટ લીધી ને સ્ટેશનમાં દાખલ થયા.

અમદાવાદ મુંબઇનું બચ્ચું છે. વેપાર રોજગારનું મોટું ધામ છે તેને વિલાયતના માનચેષ્ટરની ઉપમા આપી છે, તે ખરૂં જ છે પણ. શહેરના પ્રમાણમાં સ્ટેશન ઘણુંજ જુના સમયનું છે, સ્ટેશન ઉપર એટલો ગરદી હોય છે કે તેનું વર્ણન કરવું અશકય છે. એવા શંભુ મેળામાં સમય સુચકતાથી ચાલવું એજ વ્યાજબી છે.

અમો સ્ટેશનની અંદર દાખલ થયા કે મુંબઇ મેલ ભૂં—ભૂં—કરતો અમારી નજર આગળ ઉપસ્થિત થયો જેમ તેમ અમોએ અમારી બેઠક લીધી કે અમારા કમ્પાર્ટમેન્ટમાં એક ગૃહસ્થ હાંફલા ફાંફલા થઇને ધુસી ગયા. તે ગૃહસ્થ દક્ષિણી હતા અને તેમની જોડે એક ન્હાની ઉમ્મરનો સન્યાસી હતો.

પ્રકરણ ૭ મું.

સંન્યાસિની આત્મકથા.

એ બંગાળી સન્યાસી હતો. તેનું વય માત્ર અઢાર વીસ વરસનું હતું. શરીર ગૌરવર્ણ હતું. તે વિવેકી અને મર્યાદશીલ હતો. તેની કાન્તિ બાળ બ્રહ્મચારીને શોભાવે એવી હતી જરા ભભુતનો અર્ક લગાડેલો હતો. મેં વિચાર કર્યો; આણે આટલી નાની ઉમ્મરમાં સન્યાસ કેમ ધારણ કર્યો હશે ? આવા માણસને માન આપવું તે આપણી ફરજ છે. હું જ્યારે સન્યાસી તરફ પુજ્ય બુદ્ધિથી જોઉં છું, તો ધનચક્કર એકદમ પેલા દક્ષીણી ગૃહસ્થ ઉપર ખીજાઈ ગયો.

તમો અહીં કેમ ધુસી ગયા ? આ બાવાને અહીંથી દુર કરો એવા ભીખારીને કેમ દાખલ કર્યો ? હું ટીકીટ કલેકટરને કહીશ એમ ધનચક્કર—ધમકી ઉપર ધમકી આપતો ગયો. મે તેને સમજાવ્યો ઠંડો પાડયો. ત્યારે તે ચુપ રહ્યો, મેં પેલા દક્ષીણી ગૃહસ્થને જગ્યા કરી આપી, સન્યાસીને આસન આપી બેસાડયો, હું પૂછું છું એટલામાંજ દક્ષીણી ગૃહસ્થ ખીજાઇ ગયા.

" ભાઉ ? બગીતલી યે ધેટે બકરેચી ગાડી—લેકાર ગરદી આ હેત " તે ગૃહસ્થે પોતાના દુખનું વર્ણન કર્યું. માંહે ધનચક્કરે ટાપસી મારી, આઇ ? આ કંપની ઘણીજ ખરાબ છે. આતો ઠીક છે કે આપણુ ફર્સ્ટ કલાસમાં છીએ, થર્ડ કલાસના પેસેન્જરોને તો માર કુંસાથી કામ લેવામાં આવે છે. હું આ વિષે લંડનમાં લેકચરો આપીશ

ટીકીટ કલેકટરોની જો હું કમીના ફોટા મહોલ્લે મહોલ્લે વહેંચીશ ને ઠુંસા કેમ મારવામાં આવે છે તે વર્ત્તમાનપત્રોમાં જાહેર કરીશ. બનશે તો પાર્લામેન્ટમાં પણ બીલ રજુ કરીશ. છટનોનસન્સ આટલી બધી ગીરદી પણ કાંઈ જોવામાં આવતું નથી.

મેં કહ્યું ધનચક્કર તારી ડંફાસ રહેવા દે કંપનીમાં હજારો લાખો માણસો મુસાફરી કરે તેટલા બધાની કયાં—સુખ સગવડ રાખી શકાય એ તો જેને માથે બોજો હોય તેજ જાણે કે આ કામ મારે સુખે દુઃખે પુરૂ કરવાનું છે. ભાઇ આ સન્યાસી બંગાળી યુવક છે. અને આ દક્ષીણી ગૃહસ્થ છે, બન્ને જુદા જુદા દેશોના વતની છે. માટે આપણે તેમની હકીકત સાંભળવી જોઇએ. તરતજ ધનજક્કર પલાંઠી વાળીને મૌન્ય ધારણ કરી બેઠો. મેં પેલા દક્ષીણી ગૃહસ્થને પૂછવું શરૂ કર્યું.

તમો કયાંથી આવો છો ? કયાં જવું. આ સન્યાશી કયાંના વતની છે અને આપનું નામ શું ?—હું બંગાળાથી આવું છું. આ સન્યાસી કલકત્તાના ધનીક ગૃહસ્થનો પુત્ર છે. તેણે ગૃહ સંસાર સંબંધીની ખટપટથી આટલી ન્હાની ઉમ્મરમાં સન્યાસ ગ્રહણ કર્યો છે. તેને હું નાશીક ત્રંબકની યાત્રાર્થે મુકવા જાઉં છું. મારૂં નામ રાઘવદાદા, તે ગૃહસ્થે પંખા વડે પવન નાંખતાં જવાબ વાળ્યો. પછી મેં સન્યાસીને પૂછયુંઃ—"મહારાજ આપ ક્યાંથી આવોછો ? (સન્યાશી ગુજરાતી જાણતો હતો એટલે તેણે તો ગુજરાતીમાંજ શરૂ કર્યું.)

હું કલકત્તાથી આવું છું. " સન્યાસીએ કહ્યું "—આપે આટલી ન્હાની ઉમ્મરમાં સન્યાસ કેમ ગ્રહણ કર્યો ?—" મેં પૂછ્યું. "

આ સંસાર નશ્વર છે. એ માયા ખોટી છે. પ્રાપંચીક વિષય

કરતાં ધાર્મિક વિષય ઉત્તમ છે. ઇશ્વર સ્મરણમાંજ સુખ છે. બાળ બચ્ચાં સ્ત્રી–ઘરબાર–મીલ્કત જે કંઇ સંસારને સબંધ છે. તે સબંધ વૈરાગીને મન ખોટો છે. વૈરાગ્ય વૃત્તિ એ તો ઇશ્વરની વિભૂતી છે. મેં ઘણું સુખ ભોગવ્યું છે. સુખમાંથી દુઃખનો અનુભવ થયો છે. દુઃખમાંથી વિદ્યા મેળવી અને વિદ્યા સંપાદન કર્યા પછી જ્ઞાન મળ્યું છે. જ્ઞાનથીજ મેં સન્યાસ ધારણ કર્યો છે. બધી દુનિયાને હું વખોડી કહાડતો નથી. ફક્ત મને સુખમાંથી દુઃખ કેમ પડયું એ વાતને વખોડી કહાડું છું. તો પણ સન્યાસમાં ઉત્તમ સુખ છે. મારી હકીકત તમો સાંભળશો તો તમને પણ વૈરાગ્ય ઉત્પન્ન થાય એ સંભવીતજ છે. ઇશ્વરનું સ્મરણ કરો, એ વાત સાંભળવા જેવી નથી “ એમ કહી સન્યાસીએ માળા ફેરવવા માંડી.” તો પણ મેં બંને તેટલી ખૂબીથી તેમની હકીકત સાંભળવા આગ્રહ અને વિનંતી કરી. પછી સન્યાસીએ કહ્યું:—સાંભળો:—

આ ગ્રહસ્થ તે દક્ષીણી ગ્રહસ્થ છે. તેમને અમો રાઘવદાદા કહીયે છીએ. રાઘવદાદાને ને મારે જુનો પરિચય છે, પરિચય રાઘવ-દાદા અમારી ઓફીસમાં હેડ કલાર્ક હતા ત્યારનો છે. હવે તેમને પૈસા સંબંધીની મદદ મારા તરફથી મળી જાય છે એટલે ફીકર નથી. તો પણ રાઘવદાદા બાળ બચ્ચાંવાળા છે. અને વયે વૃદ્ધ છે. એમ સમજી હું દર મહિને સોનો પગાર આપું છું. ઓફીસમાં માત્ર વીસ રૂપરડી પગાર હતો.

મારી સ્નેહબાળા ?–સ્નેહબાળા ? સ્નેહબાળા–એમ કહી સન્યાસી પાંચ મિનિટ ચુપ રહ્યો.

મેં કહ્યું:—સ્નેહબાળા કોણ હતી ?

મ્હારી અર્ધાંગના—મારી પ્રેમ સુંદરી. મારા હૃદયની દેવી–મારી

ગૃહ લક્ષ્મિ–મ્હારી સૌભાગ્ય દેવી–મારીજ સ્ત્રી–" તે સન્યાસીએ આંસુ સારતાં જવાબ વાળ્યો." મેં પુછ્યું:—તો શા માટે રૂવો છો ? ને આટલી ન્હાની ઉમ્મરમાં સન્યાસ કેમ ધારણ કર્યો પછી સ્નેહબાળાનું શું થયું ?

શું થયું ? તે કેમ પૂછો છો ? તે સ્નેહબાળા–મારા આ ભૌક્તિક દેહમાં સ્નેહ મૂકીને નશ્વર દુનિયા છોડી ગઈ. (ત્યાગ કર્યો.)

" વળી સન્યાસી ગમગીન થઇ ગયો. બે મિનીટ પછી મેં પૂછ્યું; તેમાં દીલગીર થવાનું નથી. સુખ દુઃખ ઉભય સરખાંજ છે. એક સ્ત્રી મરી ગઈ તો બીજી કરવી હતી.

સન્યાસીએ કહ્યું:—તેનાજ સ્નેહનાં હું આનંદ સુખ ભોગવતો, તેને આ સંસારમાંથી છોડું પણ સ્નેહ વશ થયેલો હું તેને કેવી રીતે છોડી શકું ? માટેજ મેં સન્યાસ ગ્રહણ કર્યો છે.

સ્નેહબાળાએ સ્વર્ગવાસ કેવી રીતે કર્યો ? મેં પૂછ્યું. તે વાર્તા જરા એક કલાક ચાલશે. રાઘવદાદાને જરા સુઇ જવા દો. તેમના નિંદ્રાધીન થયા પછી હું તે વાત કરીશ. રાઘવદાદા જેવા વયો વૃદ્ધ માણુસની આગળ છુટે મોઢે વાત કરવી યોગ્ય નહીં.

એટલામાંજ પાંચ દશ મીનીટમાં રાઘવદાદાને ઉંઘનું ઝોકું આવ્યું. એમણે (રાઘવદાદાએ) તો લાંબા પગ કરીને ઘરૂરૂરૂરૂ ઘરૂરૂરૂ નાકનાં નસકોરાં લેવા માંડ્યાં. ધનચક્કર દીવાસળીના બાકસમાંથી એક સળી કાઢી તેમના નાકમાં મૂકતો ગયો તેમ રાઘવદાદા પાસુ ફેરવતા ગયા. છીંક ખાતા ગયા. પણ પૂર્ણ નિદ્રામાંથી મુક્ત થયા નહીં અમને જોવાની ગમ્મત પડી. પછી પેલા સન્યાસીને " સ્નેહબાળા " ની વાત કહેવાને વિનંતી કરી. સન્યાસીએ ધનચક્કરને શાન્ત ચીતે બેસવું એમ ઉપદેશ આપ્યો, ધનચક્કર પલાં-

ડીવાળાને કોઇ કથા સાંભળતો હોય તેમ બેસી ગયો. સન્યાસીએ વાત શરૂ કરી, ને અમો બેઉ સાંભળતા ગયા. વાત એક કલાક ચાલી એટલામાં રાઘવદાદા ઉંઘમાંથી ઉઠયા, કે ધનશંકરે પૂછયું—સન્યાસીની વાત તમોએ સાંભળી! રાઘવદાદાએ કહ્યું ના મને સ્વપ્નુ આવ્યું. શું સ્વપ્નું આવ્યું? ધનશંકરે પૂછયું.

મારે ગુડ ગુડીયો હોકો કોઈ લઇ ગયું. ને હું તેની પાછળ દોડયો. દોડું છું કે ટ્રેનના પાટામાં ફસડાઇ ગયો ને હું જાગી ઉઠયો. મેં કહ્યું રાઘવદાદા રડવું તે સ્વપ્ન સારૂં છે ને હસવું તે સ્વપ્ન ખોટું છે માટે તમને સારૂ સ્વપ્નુ આવ્યું છે વાત ચાલે છે. ને ગ્રાન્ટ રોડનું સ્ટેશન આવ્યું, અમો ગ્રાન્ટરોડ ઉતરી પડયા મુંબઇ ત્રણચાર દીવસ રહ્યા મેલના દિવસે અમો વિલાયત જવાની પાસપોર્ટ લઇ તૈયાર થયા.

પ્રકરણ ૮ મું.

મહાત્મા બોઘારામ.

બોઘારામે ન્યાતની ખટપટો ઘણી કરી હતી, અને એ અભાવે હવે સન્યાસ્થ લેવા વિચાર કર્યો હતો. પણ કોઇ સાચો ગુરૂ મળી શકતો ન્હોતો. જ્ઞાતિમાં ઉછરતી ઉમ્મરનો એક હરિશંકર કરીને યુવાન હતો. તે બોઘારામનો સ્હાધ્યાયી હતો. બોઘારામ અને હરિશંકરે એક ગામઠી નિશાળના મહેતાજીના હાથ નિચે અભ્યાસ કર્યો હતો. બોઘારામે હવે જ્ઞાતિ ખટપટ ઓછી કરી હતી જ્યારે હરિશંકર ન્યાતનો અગ્રેસર થઇ પડયો હતો. તેના બાપદાદા

કુશળતામાં હતા. એ છંજતથીજ એનું આડુ સરળ માર્ગે પડયું હતું સંખ્યા વંધનાશક કહી કરતો ન્હોતો, એટલે ન્યાતમાં એની મોટી ચર્ચા થઇ પડી હતી. બીચારા એના હાથ નિચે ડબાયલા ઘણાક કુવારા માણસો એને લાંચ રૂશ્વત આપીને તેમનુ કામ સાધી લેતા. કોઇક કમાઉ યુવકને કુંવારો હોય તેને પરણાવું છું એમ કહી ફોસલાવી પટાવી કંઇક રકમ એવા ગરીબો પાસેથી તફડાવી જતો, તેમાંનો એક ત્રતીયાંશ ભાગ બોધારામને આપતો કારણ બોધારામ બડો યુક્તિબાજ અને ચાલાક ગ્નાતી અગ્રેસર હતો. બીજો એક ગ્નાતી અગ્રેસર હતો ત્હેનું નામ ખેમો ભટ હતું તેના વંશમાં અઠ્ઠોતેર છોકરા હતા. એ બધાઓને પરણાવવા એતો એને ચપટી માત્રમાં હતું. કાંઇં ગરીબ વિધવાઓને ધમકી આપી ડબાવી પટાવી કન્યા મેળવી લેતો. ઘણાં કુટુમ્બોમાં ન્યાતો કરાવી ભીક્ષાનનો વ્યવહાર તેણે વધારી દીધો હતો. બોધારામની પાઘડી દરેક અવસર પ્રસંગોમાં બાંધવી જોઇએ. એમ કાયદો હતો. ગરીબ, ભોળા, અભણ માણસો અને વિધવાઓ એટલાં ગ્નાતીજનો એના હાથમાં આવી જતા ફક્ત ધનચક્કર અને હું તેને માનવો કે નહી. તે સંબંધી પાકો ઠરાવ કરી ચુકયા હતા, ધનચક્કર [પેલા] ખેમાભટ્ટને ગાળ સિવાય વાત કરતો નહિ જ્યારે હું તો તેમને ગ્નાતી અગ્રેસર તરીકે માન આપતો બોધારામ ધનચક્કરના મામા હતા. એટલે ધનચક્કર તેમને કાંઇ બોલી શકતો નહિ. તો પણ મામાને કોઇક કોઇક વખતે રોકડું પરખાવી દેતો.

ખેમાભટ્ટ અને બોધારામ એ બન્નેનું હૃદય લાંચ રૂશ્વતોથી પત્થર જેવું થઇ ગયું હતું, એટલે તેમને ડર માત્ર તીરસ્કારનો હોય તો તે બહેંકાર હતું. ડર પોતાની ઇજ્જત આબરૂને છે. કાંઇ ખોટી ધમકીને નથી, એમ બોધારામ પુરૂ સમજતા હતા. હાલમાં એમનું

વય પચાસ ઉપર ગયું હતું. તે લોકોના અપવાદરૂપ તિરસ્કારોથી હરિશંકરને સાથે લઇને મુંબઇ સુધી વળાવવા આવ્યા હતા.

સ્ટીમરનું ભૂંગળું વાગ્યું. અમારી બેગ પાકીટો લઇ હમાલ જોરબંધ ચ્હડવા લાગ્યા. કેપ્ટન, ચલોજી એકદમ ઉપર આ જાઓ. એમ બુમો ઉપર બુમો પાડવા લાગ્યો. સાંભળતાંજ ધનચક્કર મંકી (વાંદરા) પ્રેક્ટીસ તુજબ સડાટ દઇ સ્ટીમર ઉપર ચ્હડી ગયો. હું બે પગથીયાં ચ્હડું છું એટલામાંજ લપટી પડયો. અને તે કેટલાક વિચારોમાં મ્હારૂં મન ઉદ્ભવ પામ્યું હતું. એ વિચાર તે માત્ર ડાર્લીંગ સંબંધીનાજ હતા.

અમો ઉપર ચ્હડયા કે બોઘારામે કહ્યું:—અલ્યા. મુર્ખાઓ ત્હમે હજુ પણ પાછા વળો. તમને જ્ઞાતિ, જ્ઞાતિ બહાર કરશે. ભાઇ, ધનચક્કર, તું મારૂં કહ્યું માની પાછો ચાલ એમાંજ સારૂં છે.

ધનચક્કરે મ્હારી તરફ દ્રષ્ટિ ફેરવતાં કહ્યું:—ભાઇ ? આ કેવું બેડસેન્ટન્સ શું મામા હજુ ઓલ્ડ ક્રેડીટ (જુના વિચાર) ના વોટ કેન આઇ ગીય એન્સર.

મેં કંઇ જવાબ આપ્યો નહિ. પણ ધનચક્કરે તો મામાને નિચે મુજબ રોકડું પરખાવી દીધું.

મામા ? જ્ઞાતિને હું માનતો નથી. શું ભગવદ્‌ગીતાનું વાક્ય ભૂલી ગયા ? " ઇશ્વર સર્વ ભૂતોમાં રહેલો છે " એવા ફૂલીશ લોકોને હું માનતો નથી.

બોઘારામે ખેમાભટ્ટને કહ્યું, હરિશંકરભાઇ ? ધનચક્કર ઉદ્ધત છે. માટે એને કાંઇ સમજાવો. " ખેમાભટે ધનચક્કરને પ્રશ્ન કર્યો. અલ્યા. ધનચક્કર ? તું આજકાલનું છોકરૂં અમારૂં કહ્યું માનતો નથી. ત્હને જ્ઞાતી બહાર મુકવાની હું ચીઠ્ઠીયો લખીશ. માટે આ વ્હાણ (સ્ટીમર) માંથી તું ઉતરી જા.

ધનચક્કરે કહ્યું; જા જા સાલા તારાથી થાય તે કરી લજે. મારા તરફ જોઇ, કેવાં સાલા ખરાબ લોક? મામાને તો શરમથી કાંઇ બોલી શકું નહિ પણ બેમોભટ્ટ કેવો રોફ મારી ગયો? એને લડાઇને મોખરે તોપના ગોળા ઉપર ઉભો કરવો જોઇયે.

મેં કહ્યું, ધનચક્કર? તે ગ્નાતિ અગ્રેસર છે એટલે એમ પણ બોલે તે આપણે સહન કરવું જોઇયે. વાત પુરી થઇ કે બીજું ભુંગળું વાગ્યું,—સ્ટીમરે પોતાની કુંચી ધીમે રહી ફેરવી નીચે ઉભેલાંઓમાંથી; આવજો, પત્ર લખજો, તમારાં શરીર સાચવજો એમ પ્રશ્નો ઉપર પ્રશ્નો થવા લાગ્યા. હું બે હાથ જોડીને સૌને નમસ્કાર કરતો હતો જ્યારે ધનચક્કર, પોતાની ટોપી હાથમાં લઇ "ગુડ બાય ગુડ" એમ કહ્યાં જતો હતો. અડધા કલાકમાં તો સ્ટીમરે મુંબાઇની ઝાંખી દ્રષ્ટિ પણ દુર કરી પશ્ચિમયાંજ પ્રયાણ કર્યું. સ્ટીમરમાં સભ્યતાથી ચાલું તો તે માત્ર હું એકલોજ હતો.

ધનચક્કરે પોતાની જનોઇ દરિયામાં ફેંકી દીધી. મેં કહ્યું,—ધનચક્કર! આ શું! જો એમ હતું તો જનોઇ કહેડમાં બાંધવી જોઇયે. "મારી વાત સાંભળતા પહેલાંજ ધનચક્કરે મને નિચે મુજબ જવાબ આપ્યા."

તમે તદ્દન સેન્સ વગરના છો. તદ્દન તમારી ઓલ્ડ ક્રેડીટ (જુના વિચારો) જનોઇ પહેરવું હશે તો. મુંબઇ આવી પૈસાનો તાગડો [જનોઇ] પહેરી લઇશુ. અહીં સાહેબ લોક આપણી મશ્કરી કરે. જેટલું ગ્નાતીનું જોર તેટલુંજ હવે આપણાપર લંડનવાસીઓનું જોર સમજી લેવું બસ? હવે તમારે અહીંની રીતભાતમાં આવવું.

રાત્રે આઠ નવ વાગતાંમાં તો હું લાઇબ્રેરી રૂમમાં ચાલ્યો જતો અથવા મારા રૂમમાં નિંદ્રાદેવીનું આરાધન કરતો. નિંદ્રાધીન થઇ જતો. ધનચક્કરે તો એથી ઉલટીજ વલણ લીધી હતી.

તે સાહેબ લોકોની ટી (ચાહા) પાર્ટીમાં ભળી જતો અને ડાન્સિંગમાં પણ પટાવાળાને ચાર આઠ આના આપી પોતાની ખુરશી વચમાં મંડાવતો. સાંજે ચાર વાગે ક્રીકેટ મેચમાં ભળી જતો. અથવા ફુટબોલની રમત રમતો. સૌને કહેતો કે હું તો એંગ્લો ઇન્ડીયન છું. એણે પોતાનું નામ બદલીને "ચેલેન્ટીઝ" રાખ્યું હતું. મને તો એણે શિખવાડયું એવું "ડીફ્ફ" નામ રાખવું પડયું હતું. હવે અમારી વાત "ચેલેન્ટીઝ" અને "ડીફ્ફ" એ નામથી સમજી લેવી.

આ વાત, વિસ દિવસ પછીની છે. અમો લંડનના એક જાણીતા મહોલ્લામાં રહીએ છીયે. ધનચક્કર, ડોકટરી શિખે છે. અને હું તો મેટ્રીક કલાસમાં એક ન્હાની કોલેજમાં સ્કોલર છું. મારૂં અભ્યાસ તરફ ધ્યાન સાધારણ છે. જ્યારે ધનચક્કરે પોતાનો આત્મા તેના અધ્યક્ષ ડોકટરને અર્પણ કરેલો છે. મારો ડ્રેસ સાધારણ સાદોજ છે જ્યારે ધનચક્કરને હેટ, નેકટાઇ, અને પીન વગર ચાલતુંજ નથી.

આજે મારૂમન બીજાજ વિચારોમાં દોરાયલું છે તે વિચાર તે માત્ર મીસ્સ ડાર્લીંગ સંબંધીનાજ હતા. ડાર્લીંગને મેળવવા મેં ધનચક્કરને ઘણીવાર કહેલું. તેણે અહીં આવ્યા પછી એ વાત ઉડાવીજ દીધી. તેને ઘણી સ્ત્રીઓ જોડે પરિચય હતો. વખતે વખતે તે કોઇની કોઇ સ્ત્રીને લઇ હાઇડેપાર્કમાં હવા ખાવા જતો. "હાર્ટલી" નામની ગોરી મડમની સાથે એમો સંબંધ ઔર ઔર પ્રકારનો હતો. તેને લઇને કેટલીક વાર તે મેળાવડામાં ડાન્સ પણ કરતો. ડાર્લીંગ ને હવે કયાં મેળવવી. એના ઉપર મને ખોટો મોહ નથી. એના સંબંધી મારી ખરાબ વાસનાઓ નથી. જીજ્ઞાસા માત્ર જાહેરખબર ઉપરજ હતી. ડાર્લીંગનો ડેન્સ જોવાને મારૂં મન લલચાયું હતું.

પ્રકરણ ૭ મું.

મીસરનું બુલબુલ.

સાંજનો સમય થઇ ગયો છે. સંધ્યાએ પોતાની લાલ લાલ છાયા આકાશમાં પ્રસરાવી દીધી છે. પાટી આવીને ટેબલ ઉપર બત્તી કરી ગયેલ અને પૂછ્યું " ખાવાનું શું કરીશું ? ભટજી મહારાજે કહેવડાવ્યું છે. મેં કહ્યું,—શાક, પુરી ને દુધ બનાવજો. પણ ધનચક્કરે તો છાપું વાંચતાં હુકમ કર્યો. જે મારે માટે ચાહાની વ્યવસ્થા કરી લેવી. બાબે બાઇને એ ખાણું આપવું.

મારા તરફ આતિશય ગુસ્સો જાહેર કરતાં ધનચક્કર મનમાં ને મનમાં બબડ્યો; શું (ડીયર) હજુ જુના વિચારનો ? એ બિસ્કુટ પણ ખાય નહિ.. ને ચ્હા પણ પીયે નહીં વળી રામાને હાક મારી, રામા ! આવ, આવ.

રામો આવ્યો અને નમ્રતાપૂર્વક શેઠને કહેવા લાગ્યો.

કસે શેઠજી ! માલા કસે બોલાવલે ?

હા,—એ ફોટા ભટજી મહારાજ ના દેવાલયા પાહીજે. કહેતાં એક ફોટો રામાના હાથમાં મૂક્યો.

(પાટી) રામો ખુશી થઇ ગયો. નાચતો કૂદતો. ભટ મહારાજને તે છબી રસોડામાં આપવા ગયો. જતાં જતાં પાટીનું માથું રૂમની બારણામાં ટીચાયું, અને તેને ઠોકર લાગી. તેનું ચીત એક તાર બની ગયું હતું મેં પુછ્યું એ શું ફોટો છે ? રામાએ કહ્યું બઘા (જુઓ) મેં જોયું તો તેમાં એક સ્ત્રિ ચિતરાયલી હતી. તે કોણ કે વાંચક

સ્વયં વિચાર કરશે. " મીસરનું બુલબુલ મીસ્સ ડાર્લીંગ હતી. "

લંડનનો ઠાઠ–માઠ, દોર દમામ ધનીક ગૃહસ્થોનું આવવું જવું. અને જન સમાજનુ એક મોટુ જુથ્થ જોઇને ત્હમને નવાઇજ લાગશે. શહેરની એક પગથી પરથી બીજી પગથી પર જતાં, જળના વહેતા જોસબંધ પ્રવાહમાંથી નીકળી જતાં તમારે જેટલી સાવચેતી રાખવી પડશે તેટલું અહીં પણ સમજી લેવું. ત્યાં કોઇપણ સુસ્ત નથી. સૌના ચ્હેરા પર ચંચળતાઇનાં ચિન્હો પ્રસરી રહેલાં છે મોજશોખનાં સાધન પણ કાંઇ કમી નથી. સસ્તા ભાડાની મોટર–ટ્રામ ગાડીગો અને ઓમ્નીબસ ઢેર ઢેર નજરે પડે છે. ટેલીફોનનુ સાધન પણ કાંઇ કમી નથી. ત્યાંની નાટકશાળાઓ અને કલબોનો વૈભવ જોઇ તમને સ્વર્ગીય સુખનો અનુભવ થઇ જશે. નાટકશાળાઓમાં સ્ત્રિ નાટકકારોની એકટીંગ તો શું કહેવી ભાઇ?

આવા લંડનમાં મુંબાઇના એક ભાટીયા ગૃહસ્થ આવી ચઢયા હતા. તેમની જોડે રસોયો અને ઘાટી બન્ને હતા. તે ગૃહસ્થ હિંદુસ્તાન તરફ પાછા ફરતાં ઘાટી અને બ્રાહ્મણની ભલામણ અમને કરી ગયા હતા. કે ત્હમો આવો ત્યારે તે બન્નેને વતનપર લેતા આવજો. એમ કહ્યું હતું—

ભટજી મહારાજ ગુજરાતના એક ન્હાના (શીકા) સ્ટેટ ઇડર ગામના વતની હતા. તેમનું નામ ચુનીલાલ હતું. પેલા ધનચક્કરનો મોકલાવેલો ફોટો મહારાજે જોયો કે બહાર દોડી આવ્યા, મેં કહ્યું:– તમો એંઠા હાથે બહાર આવ્યા છો. અને વિલાયત આવ્યા પછી તો તમે વટાળ બોળ કરી દીધો છે. માટે જાઓ તમે તમારૂં કામ કરો. એ પછી રામાને હાંક મારી. રામો આવ્યો અને ધનચક્કરે પૂછયું.

તું આ મહારાજ પૂરી કરે છે. તે આટો કયાંથી લાવ્યો. ?

" હે આટા તો માછીમારચે ધરાતસે આણુલેલા આહેત્ " સાંભળી હું ચૂપ્પ થઇ ગયો. અને એ દિવસથી એવો શોક મારવો છોડી દીધો.

મારાથી બને તેટલી સભ્યતા અને ધર્મ એ બે હું પાળી શકતો.

પ્રકરણ ૧૦ મું.

યુનિયન કલબ.

ઠેર ઠેર અગ્નિ બળી રહી છે. મહોલ્લે મહોલ્લે આકાશી સ્વર્ગીય કિન્નરીઓ ગાઇ રહી છે. રસ્તાઓ ઉપર જનપ્રવાહની કોલાહલ મચી રહી છે. અને ગાડીઓ, નાટકો, કલબો, સરકસો, અને ઓપેરા હાઉસો તરફ પુરપાટ દોડી રહી છે. એવે સમયે અમો નીચે આવ્યા. કારણ આજનો દિવસ મારે ડાર્લીંગને જોવાનો હતો અને ધનચક્રે મને યુનિયન કલબમાં આમંત્રણ કર્યું હતું. અર્થાત્ અમો સાથેજ જવાના છીયે. નીચે ઉતર્યા કે અમારી સામે ટ્રામ ગાડી ઉભી હતી. અમો બેઉ જે મ કોઇ વાંદરીનું બચ્ચું એની માને વળગી પડે એમ અમો બેઉ ટ્રામને વળગી રહ્યા હતા. કે કલબના દરવાજા આગળ ટ્રામ હાજર થઇ. તરતજ અમો બંને ઝડપથી બહાર કુદી પડયા-દરવાને કોઇ મોટા અમલદારને છાજે એવી અમારી સ્હામે કુર્નીસ બજાવી. કે ધનચક્રે ટોપી ઉતારી હાથમાં લીધી. હું તો કાંઇ એની રીતભાતમાં સમજ્યો નહિ એટલે મેં એવો વિવેક વાપર્યો નહી તરતજ ધનચક્ર ખેંચાઇ ગયો. મને

ઉદ્દેશી કહેવા લાગ્યોઃ—તમો તદ્દન સેન્સ વગરના છો. એટલું પણ સમજો નહીં. કેવી ખરાબ વાત ! આ ત્હમારી " ચીનાઇ " ટોપી હાથમાં લ્યો,—જોજો ? કલબમાં બેઠેલા સભ્યોની સ્હામે બગાસું કે ઉધરસ ખાસો નહી. નહિંતો મારો દંડ થશે. કોઇ લેડી સુપ્રીન્ટેન્ડેન્ટને શેકહેન્ડ કરો તો, આંચકો મારશો નહી. નહિ તો ત્હમારા પર તે છેડાઇ જશે. રમુજી પ્રોગ્રામ વખતે હસવું પણ નહિ કે દીલગીરી વખતે દીલગીર પણ ના થવું તમો તમારૂં નામ અંગ્રેજીમાં " ડીફ્ફ " કહેજો. ને હું એંગ્લો ઇન્ડીયન છું. એમ કલબના સભ્યો આગળ જાહેર કરજો, એટલે એમની જોડે આપણો મિત્ર સંબંધ ગોઠવાઇ જશે. મેં કહ્યું,—ઘનચક્કર ! હું ચુસ્ત સનાતની શિવમાર્ગી. બ્રાહ્મણને એન્ગ્લો ઇન્ડીયન કેમ કહી શકું ? પછી ઘચનક્કરે મ્હને સમજાવ્યો કે,—એટલી વાર આપણો પાર્ટ ભજાવવાનો છે. જો એમ કરશો તો હું બીજી વાર કલબમાં લાવીશ નહિ.

એ પછી મેં ઘનચક્કરની વાતમાં હા એ હા ભણી, અને અમો કલબમાં ગયા. પહેલાં તો લેડી-સુપ્રીન્ટેન્ડેન્ટે અમને શેકહેન્ડ કર્યા. એ પછી બીજા સભ્યોએ અમને ખુરશી આપી. અને અમારી આગળ ટેબલ ઉપર તાજો સ્પિરિટ (દારૂ) મૂકયો. આ જોઈ હું તો એકદમ ખમચાઇ ગયો. પછી ઘનક્કરને મેં–ઇસારાથી ચૂંટી ખણી. (કે આ દારૂ પીવાય એમ નથી.)

ઘનચક્કર યુક્તિથી સભ્યોની આગળ વાત ફેરવી કહેવા લાગ્યો. " ડીયર બ્રધર્સ ? " અમો બંને ડોકટરની દવા પીએ છીયે. અમારા ડોકટરે અમને " વ્હાઇન " પીવાની મનાઇ કરેલી છે. માટે " ડીયર બ્રધર્સ " અમો ઘણુજ દીલગીર છીયે.

પટાવાળો આવ્યો. " થેન્કસ સર ! " એમ કહી અમારા

ટેબલ ઉપર મૂકેલી દારૂની બાટલીયો લઇને ચાલતો થયો. એ પછી હૉલમાં ૧૦ મીનિટ શાન્તિ પ્રસરી રહી. પછી ધનચક્કરે મને ઇસારો કર્યો; કે,—જુઓ જુઓ આ ખેલ મેં તેને હળવે રહીને પૂછયું શું થવાનું છે ? તેણે કહ્યું વિસ મીનીટ મેરેજ ડેન્સ થશે. એ પછી દશ મિનીટ પિયાનો વાગશે. અને છેલ્લે અર્ધો કલાક મીસ્ક ફાઈટિં-ગનો એકટીંગ સહીત ડેન્સ થશે. મેં ઘોંઘાટ ન થાય એમ ધીમે રહીને પૂછયું—" મેરેજ ડેન્સ " કેવો હોય ?

ધનચક્કર ખીજાઇ ગયો. અને મને કહેવા લાગ્યો. " ચુપ અઇક " જુઓ. શું દેખતા નથી ?" હું તો ધારતો હતો કે આ ભીંત છે. એવો પડદો એકદમ ખુલી ગયો અને " મેરેજ ડેન્સ " શરૂ થયો.

" મેરેજડેન્સ " ની રીત એવી હોય છે કે, એક પુરૂષને એક સ્ત્રિ સામસામે એકબીજાને બાઝી (વળગી) ને નાચ કરે છે. તેમાં કેટલાક સભ્ય પુરૂષોને આ રીત ઘણીજ ખરાબ લ.ગે છે જેવી આપણા હિંદુસ્તાનમાં ગોકુળ મથુરા તરફ રાસલીલાનો ડેન્સ થાય છે. કે " એક કહાંન ને એક ગોપી " તેમજ મેરેજડેન્સ સમજી લેવું, પરંતુ રાસલીલાની રીત તદ્દન પવિત્ર અને નિતિને ઉત્તેજીત કર્તા છે. જ્યારે તે (મેરેજ) ડેન્સ નિતિમાં હરકત કર્તા છે. તો પણ કેટલાક યુવાન વર્ગમાં તે ડેન્સ ઘણોજ પ્રસંશનિય થઇ પડે છે.

મને એ રીત (એકબીજાને ઝાલીને ડેન્સ કરવો) અનુકુળ જણાઈ નહિ. પણ ધનચક્કર વંન્સમોર વંન્સમોર એમ કહેવા લાગ્યો ને તલીયો પર તલીયો ઠોકવા લાગ્યો.

મેં કહ્યું:—ધનચક્કર ! એમાં શું સારૂ થાય છે કે તું તાલીયો પર તાલીયો ઉપાડે છે ને વંન્સમોર—વંન્સમોર કહે છે!

પછી ધનચક્કર ખીજાઈ ગયો અને મ્હને કહેવા લાગ્યો તમો સેન્સ વગરના છો. એક પાઇની તમારામાં અક્કલ નથી. છટનાસેન્સ આટલું બધું ભોળપણુ? આ દુનિયામાં જે ખેલ બને છે તે ઇશ્વર પ્રેરિતજ છે. ત્હમારા ઇંડિયાના ખેલ પણ કોઇ બીજાએ બનાવ્યા નથીજ. ચૂપ–જુઓ જુઓ.

એમ કહી એક નવજુવાન યુવક–યુવતિ તરફ મ્હારી દ્રષ્ટિ ફેરવી. તેઓ અનુપમ સ્વર્ગીય જોડાં હતાં. મેં પૂછયું ધનચક્કર એ કોણ છે? સ્ત્રિ ઘણીજ રૂપવંતી છે.

વાક્ય સાંભળતાંજ ધનચક્કર હસી પડયો અને કહેવા લાગ્યો. હવે પછીના પ્રોગ્રામમાં ઉતરનારી હોશિયાર બ્યુટી મીસ ડાર્લીંગ છે.

ડાર્લીંગને મેં બરાબર જોઇ–એનાં રૂપ સૌન્દર્ય એક સીધી લીટી જેવાંજ હતાં. મેં જાહેરખબરોમાં જોયેલા ફોટાને ને એને ઘણો ફેર હતો. મને મોહ માત્ર જાહેરખબરનોજ હતો. તે ઉતરી ગયો એ પછી

ડાર્લીંગના મેરેજડેન્સમાં પહેલી ખોડ એ આવી જે–ઘણા સભ્યો વચ્ચે ત્હેણીએ તેના પ્રિય ભરથારને "ચુંબન" લીધું– એના ફેરવાઇ ગયેલા મુખ ઉપર મેં જોયું તો ગાલ ઉપર એક કાળુ ચાઠુ હતું. તે છુપાવી દેવા સફેત અર્ક લગાડયો હતો. બસ જુઠી જાહેર ખબરો ઘણી હોય છે. એમ ઘૃણા ઉત્પન્ન થઇ. છેલ્લો ડેન્સ અમોએ તે જોયો. સ્વદેશ આવવાની તૈયારીઓ થવા માંડી– હવે છેલ્લું એક પ્રકરણ વાંચો.

ઉપસંહાર.

ધુનચક્કર રંગૂનમાં આવ્યો છે. આવે ૭ માસ થઇ ગયા. તેણે ગુજરાતના પાટનગર અમદાવાદમાં એક ન્હાની સરખી હોસ્પીટલ ખોલી દીધી છે. ગરીબ ગરબાંને તે મફત દવા આપે છે. તફાવત માત્ર પૈસાદારને માટે ઉંચી જાતની દવા રાખવામા આવે છે.

ધનચક્કરે પોતાની ન્હાની સરખી હસ્પીતાલથી ઠીક ઠીક દ્રવ્ય પેદા કર્યું છે. ગત પ્રકરણોમાં જણાવેલી છબીઓને એણે નવા આર્ટીસ્ટો પાસે સુધરાવી છે. એણે બનારસના કોઇ મહાત્માને પોતાના ગુરૂ બનાવી દીધા છે હવે દાન–ધ્યાન–પરોપકાર–એજ ધનચક્કરનું પરમાર્થીક જીવન છે. પહેલાંની ઉદ્ધતાઇ તેણે છોડી દીધી છે ગરીબોને એ મફત દવા આપે છે, એણે વિલાયતથી એક લાખ બાટલીઓ મંગાવી પોતાના પિતા "બાટલીદાસ"ના નામથી, બાટલીવાલાની હસ્પીતાલના નામની ધાર્મીક હસ્પીતાલ ખોલી દીધી છે. હજારો ગરીબ–ગરબાં ધનચક્કરની હસ્પીતાલ આગળ ડાક્ટર સાહેબ–પૈસા આપો પૈસા ! બાપા ! એક કહેતાં પડ્યાં રહે છે. સૌનો શુભ આશીર્વાદ એજ ધનચક્કનો ઉદ્દેશ છે—અસ્તુ—"

સમાપ્ત.

[illegible]

અમારાં લોકપ્રિય પુસ્તકો

		કિંમત
૧	સંસાર સ્નેહ ...	૧—૪—૦
૨	ચિત્રોદ્ધારી અને કમાણી ...	૧—૦—૦
૩	ડૉક્ટર ધનચક્કર (મોટી)	૧—૧૦—૦
૪	આનામાળાઓના અંકો ૧૨	૧—૪—૦
૫	મહાત્મા તુલસીદાસજીનું જીવનચરિત્ર ...	૦—૪—૦
૬	રમૂજમાળા (વાર્તાઓ)	૦—૪—૦
૭	અલીબાબા અને ચાલીસ ચોર	૦—૪—૦
૮	ડૉક્ટર ધનચક્કર નાની	૦—૪—૦
૯	[illegible]ળા—કિશોરી	૦—૪—૦
૧૦	રમૂજી મણિમાળા	૦—૪—૦

(પોરટેજ જુદું.)

તા. ક.—ઉપરનાં પુસ્તકો મગાવનારે નિચેને સરનામે પત્ર વ્યવહાર કરવો.

ગોર અંબાલાલ છગનલાલ.
C/o. હરીઆપુર ન્યાતનો ગેટ,
વાઘજીપરની પોળમાં નં. ૩૬૮૬,

ગોર, મુળશંકર ખેમરામ.
પેરટ વડાગામ, મુ. વડાગામ
વાયા તલોદ, એ. પી. રેલ્વે.

શ્રી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ [illegible] છાપ્યું
પાંચકુવા: ચાર રસ્તા—અમદાવાદ.